ॐ

# સ્વાધ્યાય સુધા



: પ્રકાશક :

મુમુક્ષુ પરિવાર



પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# ❁ નિત્ય સ્વાધ્યાય ❁

[પરમ પૂજ્ય શ્રી ગુરુદેવશ્રીનો દરરોજ વહેલી સવારનો (લગભગ ૪ વાગ્યાનો) અને રાત્રિનો મૌખિક સ્વાધ્યાય]

## (૧) શ્રી સમયસારજીની ૧ થી ૧૬ ગાથા

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,**
**વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

**ગાથાર્થ :—**આચાર્ય કહે છે : હું ધ્રુવ, અચળ અને અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી, અહો! શ્રુતકેવળીઓએ કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

**ગાથાર્થ :—**હે ભવ્ય! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ; અને જે જીવ પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ.

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

**ગાથાર્થ :—**એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા વિસંવાદ-વિરોધ કરનારી છે.

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

**ગાથાર્થ :—**સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે; પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી.

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

ગાથાર્થ :—તે એકત્વવિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો પ્રમાણ (સ્વીકાર) કરવું અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો છળ ન ગ્રહણ કરવું.

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

ગાથાર્થ :—જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી,—એ રીતે એને શુદ્ધ કહે છે; વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી.

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

ગાથાર્થ :—જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન—એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી; જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

ગાથાર્થ :—જેમ અનાર્ય (મલેચ્છ) જનને અનાર્યભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી.

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**

**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

ગાથાર્થ :—જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ

એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ-જાણનારા ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે; જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે, કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે તેથી (તે જીવ) શ્રુતકેવળી છે.

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

**ગાથાર્થ :**—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

**ગાથાર્થ :**—જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન--ચારિત્રવાન થઈ ગયા તેમને તો શુદ્ધ(આત્મા)નો ઉપદેશ (આજ્ઞા) કરનાર શુદ્ધનય જાણવાયોગ્ય છે; વળી જે જીવો અપરમભાવે—અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન–ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ—સ્થિત છે તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

**ગાથાર્થ :**—ભૂતાર્થ નયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ--એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

**ગાથાર્થ :**—જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત—એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

ગાથાર્થ :—જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે,—કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

**દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬.**

ગાથાર્થ :—સાધુ પુરુષે દર્શન, જ્ઞાન અને ચારિત્ર સદા સેવવાયોગ્ય છે; વળી તે ત્રણેને નિશ્ચયનયથી એક આત્મા જ જાણો.

*

## (૨) શ્રી સમયસારજીની ૪૭ શક્તિ

**૧ : જીવત્વશક્તિ** :—આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં—આત્મામાં—ઊછળે છે.)

**૨ : ચિતિશક્તિ** :—અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. (અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.)

**૩ : દશિશક્તિ** :—અનાકાર ઉપયોગમયી દશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી—સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી—દશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ.)

**૪ : જ્ઞાનશક્તિ** :—સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.)

**૫ : સુખશક્તિ** :—અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.

**૬ : વીર્યશક્તિ** :—સ્વરૂપની (-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.

**૭ : પ્રભુત્વશક્તિ** :—જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (–સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.

**૮ : વિભુત્વશક્તિ** :—સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.)

**૯ : સર્વદર્શિત્વશક્તિ** :—સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.

**૧૦ : સર્વજ્ઞત્વશક્તિ** :—સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.

**૧૧ : સ્વચ્છત્વશક્તિ** :—અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. (જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.)

**૧૨ : પ્રકાશશક્તિ** :—સ્વયં પ્રકાશમાન વિશદ (–સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (—સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.

**૧૩ : અસંકુચિતવિકાસત્વશક્તિ** :—ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્દ્વિલાસસ્વરૂપ (-ચૈતન્યના વિલાસસ્વરૂપ) અસંકુચિતવિકાસત્વશક્તિ.

**૧૪ : અકાર્યકારણત્વશક્તિ** :—જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ. (જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.

**૧૫ : પરિણમ્યપરિણામકત્વશક્તિ** :—પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ. (પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ.)

૧૬ : **ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ** :—જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (–નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.

૧૭ : **અગુરુલઘુત્વશક્તિ** :—ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ–પ્રતિષ્ઠત્વના કારણરૂપ (–વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (-ખાસ) ગુણ તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ. [આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ 'ગોમ્મટસાર' શાસ્ત્રમાંથી જાણવું. અવિભાગ પરિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી—સમાવેશ પામતી—વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (–જે ગુણથી) થાય છે અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.]

૧૮ : **ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ** :—ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. (ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.)

૧૯ : **પરિણામશક્તિ** :—દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (–સ્પર્શિત), સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ.

૨૦ : **અમૂર્તત્વશક્તિ** :—કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિશૂન્ય (–સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મ-પ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ.

૨૧ : **અકર્તૃત્વશક્તિ** :—સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ. (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.)

૨૨ : **અભોક્તૃત્વશક્તિ** :—સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના (–ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.

**૨૩ : નિષ્ક્રિયત્વશક્તિ** :—સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મ-પ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ (-અકંપતાસ્વરૂપ) નિષ્ક્રિયત્વશક્તિ. (સકળ કર્મનો અભાવ થાય ત્યારે પ્રદેશોનું કંપન મટી જાય છે માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.)

**૨૪ : નિયતપ્રદેશત્વશક્તિ** :—જે અનાદિ સંસારથી માંડીને સંકોચ-વિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. (આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચ-વિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.)

**૨૫ : સ્વધર્મવ્યાપકત્વશક્તિ** :—સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ. (શરીરના ધર્મરૂપ ન થતાં પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.)

**૨૬ : સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણધર્મત્વશક્તિ** :—સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણધર્મત્વશક્તિ.

**૨૭ : અનંતધર્મત્વશક્તિ** :—વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા) અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત-ધર્મત્વશક્તિ.

**૨૮ : વિરુદ્ધધર્મત્વશક્તિ** :—તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ.

**૨૯ : તત્ત્વશક્તિ** :—તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે—પરિણમે છે.)

**૩૦ : અતત્ત્વશક્તિ** :—અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ

આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી.)

**૩૧ : એકત્વશક્તિ :**—અનેક પર્યાયોમાં વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ.

**૩૨ : અનેકત્વશક્તિ :**—એક દ્રવ્યથી વ્યાપ્ય (વ્યપાવાયોગ્ય) જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ.

**૩૩ : ભાવશક્તિ :**—વિદ્યમાન–અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ.)

**૩૪ : અભાવશક્તિ :**—શૂન્ય (–અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવશક્તિ.)

**૩૫ : ભાવાભાવશક્તિ :**—ભવતા (-વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.

**૩૬ : અભાવભાવશક્તિ :**—નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ.

**૩૭ : ભાવભાવશક્તિ :**—ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ (વર્તવારૂપ, પરિણમવારૂપ) ભાવભાવશક્તિ.

**૩૮ : અભાવાભાવશક્તિ :**—નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ (નહિ વર્તવારૂપ) અભાવાભાવશક્તિ.

**૩૯ : ભાવશક્તિ :**—(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (–હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.

**૪૦ : ક્રિયાશક્તિ :**—કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.

**૪૧ : કર્મશક્તિ :**—પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ.

**૪૨ : કર્તૃશક્તિ :**—થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ.

**૪૩ : કરણશક્તિ** :—ભવતા (-વર્તતા, થતા) ભાવના ભવનના (-થવાના) સાધકતમપણામયી (-ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ.

**૪૪ : સંપ્રદાનશક્તિ** :—પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામયી (-તેને મેળવવાના યોગ્યપણામય, તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ.

**૪૫ : અપાદાનશક્તિ** :—ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવનો અપાય (-હાનિ, નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ.

**૪૬ : અધિકરણશક્તિ** :—ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી અધિકરણશક્તિ.

**૪૭ : સંબંધશક્તિ** :—સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ. (પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી—એવા સંબંધમયી સંબંધશક્તિ.)

## પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલા મંત્રો

૧. શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.

૨. ધ્રુવધામના–ધ્યેયના–ધ્યાનની ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.

*(ભાવનગર, તા. ૨૮-૨-૭૭)*

૩. ચૈતન્યધાતુને ધરનાર ધ્રુવધણીનો ધૂની, ધૈર્યવાન, ધર્મધ્યાની ધર્મી ધન્ય છે.

*(ભાવનગર, તા. ૨૮-૨-૭૭)*

૪. સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ.

*(મુંબઈ, તા. ૧૯-૧૧-૮૦)*

# (૩) શ્રી પ્રવચનસારજીની ૪૭ નય

**૧ : દ્રવ્યનય :**—આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ).

**૨ : પર્યાયનય :**—આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શન-જ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ).

**૩ : અસ્તિત્વનય :**—આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;--લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.)

**૪ : નાસ્તિત્વનય :**—આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે; —અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે.)

**૫ : અસ્તિત્વનાસ્તિત્વનય :**—આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના

તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.)

૬ : **અવક્તવ્યનય** :—આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવક્તવ્ય છે, તેમ આત્મા અવક્તવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવક્તવ્ય છે.)

૭ : **અસ્તિત્વ-અવક્તવ્યનય** :—આત્મદ્રવ્ય અસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.]

૮ : **નાસ્તિત્વ-અવક્તવ્યનય** :—આત્મદ્રવ્ય નાસ્તિત્વ-અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;—(પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના

અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અલોહમયાદિ તથા (૨) અવક્તવ્ય છે, તેમ આત્મા નાસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.]

**૯ : અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનય :**—આત્મદ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું–નાસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવક્તવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે.]

**૧૦ : વિકલ્પનય :**—આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).

**૧૧ : અવિકલ્પનય** :—આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).

**૧૨ : નામનય** :—આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ).

**૧૩ : સ્થાપનાનય** :—આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક).

**૧૪ : દ્રવ્યનય** :—આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ).

**૧૫ : ભાવનય** :—આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે—પ્રકાશે—પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ).

**૧૬ : સામાન્યનય** :—આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર–માળા–કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ).

**૧૭ : વિશેષનય** :—આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ).

**૧૮ : નિત્યનય** :—આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય—ટકનારો છે, જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ).

**૧૯ : અનિત્યનય** :—આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).

**૨૦ : સર્વગતનય** :—આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.

**૨૧ : અસર્વગતનય** :—આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.

**૨૨ : શૂન્યનય** :—આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.

**૨૩ : અશૂન્યનય** :—આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.

**૨૪ : જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનય** :—આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.

**૨૫ : જ્ઞાનજ્ઞેયદ્વૈતનય** :—આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ).

**૨૬ : નિયતિનય** :—આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. [આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ.]

**૨૭ : અનિયતિનય** :—આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. [આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયત-સ્વભાવવાળું ભાસે છે તેમ.]

**૨૮ : સ્વભાવનય :**—આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે), જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.

**૨૯ : અસ્વભાવનય :**—આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.

**૩૦ : કાળનય :**—આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. [કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક.]

**૩૧ : અકાળનય :**—આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.

**૩૨ : પુરુષકારનય :**—આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (-ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક. [પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.].

**૩૩ : દૈવનય :**—આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.

**૩૪ : ઈશ્વરનય :**—આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.

**૩૫ : અનીશ્વરનય :**—આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક.

૩૬ : **ગુણીનય** :—આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.

૩૭ : **અગુણીનય** :—આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી), શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

૩૮ : **કર્તૃનય** :—આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિ પરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ).

૩૯ : **અકર્તૃનય** :—આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (-કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

૪૦ : **ભોક્તૃનય** :—આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. [આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.]

૪૧ : **અભોક્તૃનય** :—આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. [આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે–ભોક્તા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ.]

૪૨ : **ક્રિયાનય** :—આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક. [ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખુલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.]

૪૩ : **જ્ઞાનનય** :—આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. [જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી

સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.]

**૪૪ : વ્યવહારનય** :—આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. [વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ.]

**૪૫ : નિશ્ચયનય** :—આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. [નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ.]

**૪૬ : અશુદ્ધનય** :—આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.

**૪૭ : શુદ્ધનય** :—આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે.

❖ રાગની પ્રેમ કરવો અને સ્વભાવની અરુચિ કરવી તે ક્રોધ છે,
રાગની અધિકતા કરવી અને સ્વભાવને હીણો માનવો તે માન છે,
રાગની રચના કરવી અને સ્વભાવની ભાવના છોડવી તે માયા છે અને
રાગની વૃદ્ધિ કરવી અને સ્વભાવની ભાવના છોડવી તે લોભ છે.

# (૪) શ્રી પ્રવચનસારજી ગાથા : ૧૭૨

## 'અલિંગગ્રહણ'ના વીસ બોલ

૧. ગ્રાહક (-જ્ઞાયક) એવા જેને **લિંગો** વડે એટલે કે ઇન્દ્રિયો વડે **ગ્રહણ** (-જાણવું) થતું **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિય-જ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૨. ગ્રાહ્ય (-જણાવાયોગ્ય) એવા જેનું, **લિંગો** વડે એટલે કે ઇન્દ્રિયો વડે **ગ્રહણ** (-જાણવું) થતું **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૩. જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ **લિંગ** દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (-ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું **ગ્રહણ** (-જાણવું) થતું **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિય-પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૪. બીજાઓ વડે માત્ર **લિંગ** દ્વારા જ જેનું **ગ્રહણ** થતું **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૫. જેને **લિંગ**થી જ પરનું **ગ્રહણ** થતું **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૬. **લિંગ** દ્વારા **નહિ** પણ સ્વભાવ વડે જેને **ગ્રહણ** થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૭. જેને **લિંગ** વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે **ગ્રહણ** એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૮. જે **લિંગ**ને એટલે કે ઉપયોગ નામના લક્ષણને **ગ્રહણ** કરતો **નથી** એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે

આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૯. **લિંગનું** એટલે કે ઉપયોગ નામના લક્ષણનું **ગ્રહણ** એટલે કે પરથી હરણ થઈ શકતું **નથી** (-બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૦. જેને **લિંગમાં** એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં **ગ્રહણ** એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૧. **લિંગ** દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા **ગ્રહણ** એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૨. જેને **લિંગો** દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા **ગ્રહણ** એટલે કે વિષયોનો ઉપભોગ **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૩. **લિંગ** દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા **ગ્રહણ** એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (-અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૪. **લિંગનું** એટલે કે મેહનાકારનું (-પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) **ગ્રહણ** જેને **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૫. **લિંગ** વડે એટલે કે અમેહનાકાર વડે જેનું **ગ્રહણ** એટલે કે લોકમાં વ્યાપવાપણું **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો—લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૬. જેને **લિંગોનું** એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું **ગ્રહણ નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૭. **લિંગોનું** એટલે કે ધર્મચિહ્નોનું **ગ્રહણ** જેને **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૮. **લિંગ** એટલે કે ગુણ એવું જે **ગ્રહણ** એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૯. **લિંગ** એટલે કે પર્યાય એવું જે **ગ્રહણ** એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૨૦. **લિંગ** એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે **ગ્રહણ** એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને **નથી** તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

## (૫) પાંચ બાલ બ્રહ્મચારી તીર્થંકર

શ્રી વાસુપૂજ્યનાથ ભગવાન.

શ્રી મલ્લિનાથ ભગવાન.

શ્રી નેમિનાથ ભગવાન.

શ્રી પાર્શ્વનાથ ભગવાન.

શ્રી મહાવીરનાથ ભગવાન.

## (૬) શ્રી સમયસારજી ગાથા : ૪૯

## ‘અવ્યક્ત’ના ૬ બોલ

૧. છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.

૨. કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.

૩. ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.

૪. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.

૫. વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.

૬. પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યક્ત છે.

## (૭) શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૦ બોલ

૧. સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.

૨. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

૩. સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

૪. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

૫. સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.

૬. સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

૭. સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.

૮. પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

૯. પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.

૧૦. પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

પરભાવથી વિરક્ત થા.

## (૮) ચોવીસ તીર્થંકર

શ્રી ઋષભનાથ ભગવાન.
શ્રી અજિતનાથ ભગવાન.
શ્રી સંભવનાથ ભગવાન.
શ્રી અભિનંદનનાથ ભગવાન.
શ્રી સુમતિનાથ ભગવાન.
શ્રી પદ્મપ્રભુનાથ ભગવાન.
શ્રી સુપાર્શ્વનાથ ભગવાન.
શ્રી ચંદ્રપ્રભુનાથ ભગવાન.
શ્રી સુવિધિનાથ ભગવાન.
શ્રી શીતલનાથ ભગવાન.
શ્રી શ્રેયાંસનાથ ભગવાન.
શ્રી વાસુપૂજ્યનાથ ભગવાન.
શ્રી વિમલનાથ ભગવાન.
શ્રી અનંતનાથ ભગવાન.
શ્રી ધર્મનાથ ભગવાન.
શ્રી શાંતિનાથ ભગવાન.
શ્રી કુંથુનાથ ભગવાન.
શ્રી અરનાથ ભગવાન.
શ્રી મલ્લિનાથ ભગવાન.
શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન.
શ્રી નમિનાથ ભગવાન.
શ્રી નેમિનાથ ભગવાન.
શ્રી પાર્શ્વનાથ ભગવાન.
શ્રી મહાવીરનાથ ભગવાન.

* * *

# પરમાગમસાર

[પૂજ્ય ગુરુદેવશ્રીએ ખાસ લખાવેલા પરમાગમના સારભૂત અમૂલ્ય સિદ્ધાંતો.]

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં, સ્પર્શે નહીં.

—સમયસાર ગાથા ૩.

૨. દરેક દ્રવ્યનો દરેક પર્યાય ક્રમબદ્ધ થાય છે.

—સમયસાર ગાથા ૩૦૮-૩૧૧.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે. વ્યય કે ધ્રુવથી નથી.

—પ્રવચનસાર ગાથા ૧૦૧.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

—પંચાસ્તિકાયસંગ્રહ ગાથા ૬૨.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

—સમયસાર ગાથા ૧૮૧-૧૮૩.

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવો પડતો નથી.

—સમયસાર શક્તિ ૩૩.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

—સમયસાર ગાથા ૧૧.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

—પંચાસ્તિકાયસંગ્રહ ગાથા ૧૭૨.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

—નિયમસાર ગાથા ૧૪૫.

૧૦. ધ્રુવનું આલંબન પણ વેદન નહીં અને પર્યાયનું વેદન પણ આલંબન નહીં.

—વચનામૃત બોલ ૩૭૬.

૧૧. સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ.
પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ કલ્પના.

સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ.
પરક્ષેત્ર એટલે પ્રદેશમાં ભેદ પાડવો તે.
સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા.
પરકાળ એટલે એક સમયનો પર્યાય.
સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજશક્તિ.
પરભાવ એટલે ગુણભેદ (ગુણમાં ભેદ પાડવો તે.)

—*સમયસાર કળશ-ટીકા કળશ ૨૫૨.*

૧૨. પર્યાયનું કારણ પર્યાય જ છે.
પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.
પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે.
પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે.
પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.

—*ચિદ્‌વિલાસ પાનું ૮૯.*

૧૩. એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે.

—*ચિદ્‌વિલાસ પાનું ૭૫.*

૧૪. એક દ્રવ્યમાં અનંત ગુણ.
એક ગુણના અનંત પર્યાય.
એક પર્યાયમાં અનંત નૃત્ય.
એક નૃત્યમાં અનંત થટ.
એક થટમાં અનંત કળા.
એક કળામાં અનંત રૂપ.
એક રૂપમાં અનંત સત્ (-સત્તા).
એક સત્તામાં અનંત ભાવ.
એક ભાવમાં અનંત રસ.
એક રસમાં અનંત પ્રભાવ.

—*અધ્યાત્મપંચસંગ્રહ (સવૈયા પાનું ૧, જ્ઞાનદર્પણ પાનું ૨૬).*

૧૫. સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.
સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.
પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.
પરભાવથી વિરક્ત થા.

—*શ્રીમદ્ રાજચંદ્ર.*

૧૬. **ભાવશક્તિ** :—વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ.)

**ભાવશક્તિ** :—(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (—હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.

**ભાવનય** :—આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે—પ્રકાશે—પ્રતિભાસે છે.

—*સમયસાર શક્તિ ૩૩, ૩૯, પ્રવચનસાર નય ૧૫.*

૧૭. **અનેકાંત** :—એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.

—*સમયસાર પરિશિષ્ટ પાનું ૬૦૯.*

૧૮. પરમાં અકિંચિત્કર હોવાથી આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી.

—*સમયસાર ગાથા. ૨૬૬.*

૧૯. દગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે.

—દર્શનપાહુડ ગાથા ૩.

૨૦. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.

—નિયમસાર ગાથા ૩૮.

૨૧. જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ શુદ્ધનિશ્ચયનયના બળે હેય છે. કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે.

—નિયમસાર ગાથા ૫૦.

૨૨. એક જ સમયમાં સર્વદર્શિત્વશક્તિ અને સર્વજ્ઞત્વશક્તિ છે.—આ અદ્ભુત રસ છે.

—અધ્યાત્મપંચસંગ્રહ. (પરમાત્મપુરાણ પાનું પર).

* * *

* સ્વરૂપમાં જવાનો આળસુ અજ્ઞાની છે અને સ્વરૂપમાંથી બહાર નીકળવાનો આળસુ જ્ઞાની છે.

* કોઈપણ ગુણ ક્રમે નથી અને કોઈપણ પર્યાય અક્રમે નથી.

* અજ્ઞાની સજ્જન એવા સ્વભાવનો દુશ્મન-વેરી થયો છે અને દુર્જન એવા વિભાવનો મિત્ર-સાથી થયો છે!!!

* એક કાળે-સમયે જીવ અને પુદ્‌ગલને પરિણમતા દેખીને તેમના પરિણમનને એક માનવા તે મિથ્યાત્વ છે.

# એક જ.....

❀ એક જ ધ્યેય છે—ધ્રુવધામ આત્મા. તે એકનું જ ધ્યાન ધરવું.

❀ એક જ જ્ઞેય છે—જ્ઞાનસ્વરૂપી આત્મા. તે એકનું જ જ્ઞાન કરવું.

❀ એક જ લક્ષ્ય છે—આનંદસ્વભાવી આત્મા. તે એકનું જ લક્ષ કરવું.

❀ એક જ દૃશ્ય છે—સહજાનંદી આત્મા. તે એકનું જ દર્શન કરવું.

❀ એક જ શ્રદ્ધેય છે—અભેદ શુદ્ધ આત્મા. તે એકની જ શ્રદ્ધા કરવી.

❀ એક જ સાધ્ય છે—અખંડ અવિનાશી આત્મા. તે એકની જ સાધના કરવી.

❀ એક જ આરાધ્ય છે—નિજ કારણપરમાત્મા. તે એકની જ આરાધના કરવી.

❀ એક જ આદરવાયોગ્ય છે—ચૈતન્યશીલ આત્મા. તે એકનો જ આદર કરવો.

❀ એક જ રમણતા કરવાયોગ્ય છે—અકષાયી આત્મા. તે એકમાં જ રમણતા કરવી.

❀ એક જ લીનતા કરવાયોગ્ય છે—સુખકંદ આત્મા. તે એકમાં જ લીનતા કરવી.

❀ એક જ એકાગ્રતા કરવાયોગ્ય છે—જ્ઞાનસાગર આત્મા. તે એકમાં જ એકાગ્રતા કરવી.

❀ એક જ વંદન કરવાયોગ્ય છે—દેવાધિદેવ નિજ આત્મા. તે એકને જ વંદન કરવું.

❀ એક જ મંગલ છે—પવિત્રતાની મૂર્તિ આત્મા. તે એકમાં જ નિવાસ કરવો.

❀ એક જ ઉત્તમ છે—સકલ નિરાવરણ આત્મા. તે એકને જ પ્રાપ્ત કરવો.

❀ એક જ શરણ છે—પ્રભુત્વશક્તિને ધરનાર આત્મા. તે એકનું જ શરણ લેવું.

❀ એક જ પક્ષ કરવાયોગ્ય છે—નયાતિક્રાંત પ્રભુ આત્મા. તે એકનો જ પક્ષ કરવો.

❀ એક જ પ્રતીતિ કરવાયોગ્ય છે—નિર્મળાનંદ ભગવાન આત્મા. તે એકની જ પ્રતીતિ કરવી.

❀ એક જ રુચિ કરવાયોગ્ય છે—વિજ્ઞાનઘન ભગવાન આત્મા. તે એકની જ રુચિ કરવી.

❀ એક જ પ્રેમ કરવાયોગ્ય છે—અનુપમ શાંતિસ્વરૂપ આત્મા. તે એકનો જ પ્રેમ કરવો.

❀ એક જ અનુભવ કરવાયોગ્ય છે—જ્ઞાનપુંજ વિભુ આત્મા. તે એકનો જ અનુભવ કરવો.

❀ એક જ મનન કરવાયોગ્ય છે—ગુણનું ગોદામ આત્મા. તે એકનું જ મનન કરવું.

❀ એક જ ચિંતવન કરવાયોગ્ય છે—શક્તિનું સંગ્રહાલય આત્મા. તે એકનું જ ચિંતવન કરવું.

❀ એક જ મંથન કરવાયોગ્ય છે—સ્વભાવનો સાગર આત્મા. તે એકનું જ મંથન કરવું.

❀ એક જ સ્વાધ્યાય કરવાયોગ્ય છે—ઈશ્વર શક્તિનો ભંડાર આત્મા. તે એકનો જ સ્વાધ્યાય કરવો.

❀ એક જ અભ્યાસ કરવાયોગ્ય છે—કારણસમયસાર આત્મા. તે એકનો જ અભ્યાસ કરવો.

* * *

## રત્નકણિકા

- ❖ જ્ઞાનીને શુભરાગ આવે છે પણ ગમતો નથી, જ્યારે અજ્ઞાનીને શુભરાગ ન આવે તે ગમતું નથી.
- ❖ જીવે આ વાત સાંભળી નથી, વિચારમાં લીધી નથી અને શાસ્ત્રમાં છે પણ તેમાંથી કાઢી નથી.
- ❖ પરલક્ષી જ્ઞાન પરજ્ઞેય છે. તેમાં જે લુબ્ધ છે તે જ્ઞેયલુબ્ધ છે, જ્ઞાનલુબ્ધ નહીં.
- ❖ ધર્મીની દૃષ્ટિમાં સ્ફટિકનો મહેલ, 'મેલ' સમાન લાગે છે. બીજાની તો શું વાત? સાધકનું સાધકદશા ઉપર પણ જોર હોતું નથી.
- ❖ દૃષ્ટિ ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવે હો, તેનો વિષય તો પરમપારિણામિકભાવ જ છે. તે ક્યારેય બદલાતો નથી.
- ❖ વર્તમાનમાં ભરતક્ષેત્રમાં સાક્ષાત્ ભગવાનનો વિરહ છે અને વર્તમાન પર્યાયને ધ્રુવપરમાત્માનો વિરહ છે.
- ❖ અશુભભાવ કે શુભભાવ રચવો—તેને કરવો—તે નપુંસકતા છે અને તેમાં ધર્મ માનવો તે અનંતી નપુંસકતા છે.
- ❖ પરને કિંમત આપવાથી રાગ ને દુઃખ થાય અને પોતાને કિંમત આપવાથી જ્ઞાન ને સુખ થાય.
- ❖ પરવસ્તુ ક્યારેય પોતાની થવાની નથી અને પોતાની વસ્તુ ક્યારેય નાશ પામવાની નથી. તો પછી પરવસ્તુની મમતા શા માટે કરે છે?
- ❖ અજ્ઞાની જીવે પોતાની ટકતી વસ્તુને જાણી નથી, તેથી પરને નિત્ય રાખવા પ્રયત્ન કરે છે.
- ❖ જે જણાય છે તે વેદાતું નથી, પણ જેમાં જણાય છે તે વેદાય છે. (પર્યાયનું વેદન હોય છે.)
- ❖ આ જીવે જાણનારને જાણ્યો નથી, તેથી જાણીતામાંથી નીકળીને અજાણ્યા દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે–ભવે જવું પડશે.

- ❖ રાગ પોતાનો અંશ નથી તેમ જ વંશ પણ નથી.
- ❖ જોનારને બહારની વસ્તુની વિસ્મયતા લાગે છે, તેથી તે અંદરમાં જતો નથી.
- ❖ જ્યાં હું નથી ત્યાં યાદ શું કરવો? અને જ્યાં હું છું ત્યાં યાદ શું કરવો?
- ❖ જો સંયોગને તારા માનીશ, તો તને તેઓ નહીં છોડે—સંયોગ વચ્ચે જન્મ લેવો પડશે.
- ❖ વસ્તુ વચનાતીત છે તેમ વાણી-વચન કહે છે.
- ❖ જાણનારો પરને જાણવા જાય છે, પરંતુ જાણનારને—પોતાને—જાણતો નથી!!!
- ❖ જે પોતાનામાં નથી તેને અજ્ઞાની જાણે છે, પણ જે પોતાનામાં છે તેને જાણતો નથી.
- ❖ સમયસાર (–આત્મા) ભૂપ—બાદશાહ—રાજા છે અને તેનો શુદ્ધ પર્યાય એ તેનું ચલણી નાણું છે.
- ❖ 'હું પરમાત્મા છું' તેવા વિકલ્પથી પણ પરમાત્મા નહીં મળે.
- ❖ જીવનમાં કરવાનું તો કર્યું નથી, પરંતુ શું કરવાનું છે તેની પણ ખબર નથી.
- ❖ આ આત્મ–અનુભવીની અમૃતવાણી છે.
- ❖ ચૈતન્યના પાતાળમાં જઈને નિર્મળ પર્યાયને બહાર લાવ.
- ❖ અમાપ આકાશનું માપ લેનાર જ્ઞાનની તાકાત કેટલી!!!
- ❖ પર્યાય સમીપવર્તી જ્ઞાયકને ન જાણતાં, દૂરવર્તી પદાર્થોને જાણવા જાય છે તે આશ્ચર્ય છે.
- ❖ જીવના અમર્યાદિત ગુણો, અસંખ્ય પ્રદેશની મર્યાદામાં રહે છે.
- ❖ જે દશાની દિશા પર તરફ છે તેને સ્વની દિશા તરફ વાળતાં જીવન પલટો ખાય છે.

❖ સમકિત થતાં શ્રદ્ધા પૂર્ણપણે પ્રગટે છે અને આનંદ, જ્ઞાન, શાંતિ આદિ પર્યાયો અંશે પ્રગટે છે.

❖ તેણે દુનિયામાં ગણાવા માટે કાળ ગાળ્યો, પરંતુ આત્માને ગણ્યો—જાણ્યો નહીં.

❖ અનંતગુણસાગર આત્માનો અનાદર કરનાર મિથ્યાત્વ અનંતભવના દુ:ખનું કારણ છે.

❖ જેણે પોતાના જીવને જગાડ્યો તેણે જીવન જીવી જાણ્યું અને જેણે રાગને મારી નાખ્યો તેણે મરી પણ જાણ્યું.

❖ મુક્તિની ઈચ્છાથી મુક્તિ નહીં મળે, મુક્તસ્વરૂપમાં રહેવાથી મુક્તિ મળશે.

❖ ત્રિકાળી દ્રવ્ય વર્તમાનમાં જ પૂર્ણ હોવાથી વર્તમાન પર્યાયમાં તેની પ્રતીતિ થઈ શકે છે. ત્રણકાળના ભેદ ઉપર જોવાની જરૂર નથી.

❖ અજ્ઞાનીએ રાગ સાથેની એકતાબુદ્ધિથી આત્માને ફાંસી આપી છે.

❖ રાગરૂપી ઓઝલ પડદો તોડી અંત:પુરમાં જા. તને આત્માના દર્શન થશે.

❖ જીવત્વશક્તિથી જીવે તે જીવ.

❖ જેનાથી કોલકરાર આવે કે જન્મ-મરણના છેડા આવ્યા તે ધર્મ.

❖ પોતાનો સ્વભાવ જ પરમાત્મા અને પરમેશ્વર છે. તેની મહત્તા પર ચીજ કરતાં પણ અધિક છે. માટે તેની દૃષ્ટિ કરવી, તેની મહત્તા કરવી.

❖ જ્ઞાનીનો એવો આદેશ છે કે તું હવે શુભવિકલ્પથી પણ વિરામ પામ. આ વાત તો ઇન્દ્રોને પણ સાંભળવા મળવી દુર્લભ છે.

❖ જ્ઞાનમાં ઉપયોગ અને લબ્ધ એવા બે ભેદ હોય છે, પરંતુ શ્રદ્ધામાં એવા ભેદ હોતા નથી.

❖ જ્ઞાનીને જે જ્ઞાન ઉઘડ્યું છે તે સ્વભાવરૂપ છે. તે સ્વને પકડવાની લાયકાતવાળું છે.

❖ જ્ઞાયક સ્વભાવના નિર્ણયમાં વિકલ્પ કે વાણી સહાયક નથી. તેથી રાગ કે વાણી આત્માને લાભદાયક નથી.

❖ સ્વભાવમાં વિભાવ નહીં અને વિભાવમાં સ્વભાવ નહીં.—આવું અનેકાંત શાસ્ત્ર કહે છે.

❖ એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, છતાં એક ગુણ બીજા ગુણરૂપે થતો નથી.

❖ ગુણ અક્રમે રહે અને પર્યાય ક્રમે થાય તેવો જ વસ્તુનો સ્વભાવ છે. આવા સ્વભાવની દૃષ્ટિ થતાં ક્રમબદ્ધની પ્રતીતિ થાય છે.

❖ અરિહંત ભગવાન અલ્પજ્ઞતા ટાળી કેવળજ્ઞાની થયાં અને રાગ ટાળીને વીતરાગ થયાં. તો તેમની વાણીમાં એમ જ આવે કે 'અમારી જેમ તું પણ અલ્પજ્ઞતા અને રાગ ટાળીને સર્વજ્ઞ અને વીતરાગ થા. તથા અમારા દ્રવ્ય–ગુણ–પર્યાયને જે જાણે તેને આત્મજ્ઞાન થયા વગર રહે નહીં.'

❖ શરીરાદિ પરદ્રવ્યની ક્રિયા થાય તે પુદ્‌ગલનું કાર્ય છે. જ્ઞાની કે અજ્ઞાની તેનો કર્તા નથી. જ્ઞાનીનું લક્ષ આત્મસ્વભાવ ઉપર હોવાથી શુદ્ધકાર્યનો કર્તા છે અને અજ્ઞાનીનું લક્ષ પર ઉપર હોવાથી અશુદ્ધકાર્યનો કર્તા છે.

❖ મિથ્યાત્વનું પાપ સાત વ્યસન કરતાં વધારે છે.

❖ અંતરમાં વીતરાગતા પ્રગટ કરી પોતાને તેનું દાન આપવું જોઈએ, તેને બદલે રાગ ઉત્પન્ન કરે તે દાનાંતરાય છે. વીતરાગતાથી લાભ માનવો જોઈએ, તેને બદલે રાગથી લાભ માનવો તે લાભાંતરાય છે. આનંદનો ભોગવટો કરવો જોઈએ, તેને બદલે રાગનો ભોગવટો કરવો તે ભોગાંતરાય છે.

❖ પરાવલંબે પ્રગટેલ જ્ઞાન, નિત્ય જ્ઞાનસ્વભાવમાંથી નથી આવ્યું. માટે નહીં ટકે, અવરાઈ જશે—અંધારા થઈ જશે. જ્યારે નિત્ય જ્ઞાન-સ્વભાવના આશ્રયે પ્રગટેલું હોવાથી અતીન્દ્રિય જ્ઞાન અવરાશે નહીં, ટકશે.

❖ ભાઈ! પર કે રાગાદિ તો તને કામ નહીં આવે, પરંતુ કષાયની મંદતાથી થયેલું આ ક્ષયોપશમ જ્ઞાન પણ કામ નહીં આવે.

❖ ભગવાન અને ભવભ્રમણવાળાને અનાદિથી વેર—અભિપ્રાયભેદ—ચાલ્યો આવે છે.

❖ હાર–જીતવાળી ચર્ચા—બીજાને ખોટા પાડવાવાળી ને પોતાની અધિકતા બતાવવાવાળી ચર્ચા—ન હોય, પણ વીતરાગી ચર્ચા હોય.

❖ ભૂલ કબૂલવી એ તો મહાનતા છે.

❖ રાગ એ ક્લેશનો વિલાસ છે, અનર્થનું કારણ છે.

❖ સમય (-અવસર) મળ્યો છે તો સમયમાં (–આત્મામાં) સાવધાન થા. 'સમય વર્તે સાવધાન.

❖ સમકિતમાં લાભ કેટલો છે ને મિથ્યાત્વમાં નુકશાન કેટલું છે તેની અજ્ઞાનીને ખબર નથી.

❖ આવી વાત કોણ સમજી શકે? જે આત્મા હોય તે સમજી શકે. આ આત્માની વાત જડ–પર કે રાગ સમજી શકે નહીં.

❖ કહે મહાત્મા, સુન આત્મા, તું છો પરમાત્મા.

❖ જે કોઈને આ માર્ગ સમજાય છે તેને કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ હોતો નથી.

❖ વન-વગડામાંથી ગામમાં કે ઘરમાં જવાનો રસ્તો ન મળે તો મૂંઝાય છે, પણ ભવવનમાંથી છૂટીને સ્વભાવમાં જવાનો રસ્તો નથી મળતો છતાં મૂંઝાતો નથી!!!

❖ રાગ થતાં લજ્જા થવી જોઈએ કે આ તો કલંક છે, મારું સ્વરૂપ નથી.

❖ જ્યાં ભવ ને ભવનો ભાવ નથી એવા ભગવાન પાસે જા, તને ભવ નહીં રહે.

❖ તને શું યાદ કરવું ગમશે—મારામાં આનંદ છે તે કે મારામાં ભ્રમણા છે તે?

❖ અનુભવીની ક્રિયા એવી છે કે તે સીધી સિદ્ધ પર્યાયે પહોંચી જાય.

❖ રાગાદિ પોતાના ષટ્કારકથી થાય છે. છતાં તેનાથી રહિત પરિણમવું તે આત્માનો સ્વભાવ છે.

❖ જ્ઞાની રાગને પરજ્ઞેય તરીકે જાણે છે, તેથી રાગ જાણેલો પ્રયોજનવાન રહે છે.

❖ સમયસાર સાંભળવા મળવું એ જિંદગીનો એક લ્હાવો છે.

❖ સમયસાર ભરતક્ષેત્રનો રાજા છે, કેવળજ્ઞાન ઉત્પન્ન કરાવે તેવું વાચક છે અને ભાગવત, દૈવી, પવિત્ર, અચિંત્ય, અલૌકિક શાસ્ત્ર છે.

❖ સર્વ શાસ્ત્રોમાં ભૂપ એવું આ સમયસાર તો ભગવાનની સાક્ષાત્ વાણી છે.

❖ જેણે જૈન થવું હોય તેણે આ સમજવું પડશે.

❖ સર્વજ્ઞને અનુસરીને વાણી નીકળે તે યથાર્થ વાણી છે, પણ તે વાણીથી જ્ઞાન થાય એમ કહેવું તે વ્યવહાર—નિમિત્તનું કથન છે.

❖ જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે એ નિશ્ચય છે, પણ પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે.

❖ જે ટકતું હોય, મહેનતથી પ્રાપ્ત થતું હોય અને પ્રકાશવાન હોય તે બહુમૂલ્ય વસ્તુ કહેવાય. તેમ આત્મા અનાદિ—અનંત ટકે છે, મહાપુરુષાર્થે પ્રાપ્ત થાય છે અને નિર્મળ છે, માટે અમૂલ્ય છે.

❖ કાં ગુરુગમ હોય અથવા તો પૂર્વના સંસ્કાર હોય, તે વિના આ જૈનતત્ત્વ સમજાય નહીં.

❖ મને આ નહીં સમજાય એવું શલ્ય જ તેને સમજવા દેતું નથી.

❖ પામરતા ન સ્વીકાર, પ્રભુતા સ્વીકાર.

❖ સિદ્ધને લક્ષમાં રાખીને આ સમયસાર સાંભળજે,. જરૂર સિદ્ધ થઈશ.

❖ સિદ્ધની ભાવસ્તુતિથી અર્થાત્ સ્વભાવની ધારાથી પૂર્ણ સ્વભાવ પ્રગટ થશે ને દ્રવ્યસ્તુતિથી અર્થાત્ શુભ વિકલ્પથી પૂર્ણની વાત કહેનારાનો સંયોગ મળશે.

❖ સિદ્ધને જ્ઞાનમાં જાણીને સ્થાપવા તે ભાવસ્તુતિ છે ને તેમને વિકલ્પમાં બહુમાનથી સ્થાપવા તે દ્રવ્યસ્તુતિ છે.

❖ આત્મજ્ઞાનનો આધાર બાહ્ય સંયોગ, બાહ્ય આચરણ કે મંદ કષાય નથી.

❖ જેના જીવનમાં સહજ ઉદાસીનતા જ છવાઈ રહેલી હોય તે આત્મસ્થિત સંત છે.

❖ જેને ધર્મી પ્રત્યે પ્રેમ નથી તેને ખરેખર ધર્મ પ્રત્યે પ્રેમ નથી.

❖ જ્યાં સુધી આ જીવ પોતાને બદ્ધરૂપે (બંધાયેલપણે) દેખે છે ત્યાં સુધી તે ભવબદ્ધ જ રહે છે.

❖ સંપત્તિ સ્વપ્ના જેવી છે, પુણ્ય-પાપ પંક (–કાદવ) જેવા છે.

❖ પોતાના આત્માને અશુદ્ધ માનનારા અશુદ્ધ જ રહેશે અને પોતાના આત્માને શુદ્ધ માનનારા શુદ્ધ થયા વિના રહેશે નહીં.

❖ સમ્યક્ શ્રદ્ધા પર, રાગ કે ભેદને કબૂલતી નથી, માત્ર સહજ શુદ્ધ નિજ શક્તિને કબૂલે છે.

❖ ચંદ્રમામાં કાળો ડાઘ હોવા છતાં ચાંદની કાળી થતી નથી તેમ કદાચ જ્ઞાનીની વાણીમાં શબ્દદોષ થઈ જાય તોપણ તત્ત્વમાં બાધા આવતી નથી.

❖ સાચો સાધક એ જ છે કે જે ઉત્તમ એવી આત્મકળા—જ્ઞાનકળાની સાધના કરે છે.

❖ જ્યાં જ્ઞાનીની વાણીના મધુર ધ્વનિ અંતરમાં ગુંજ્યા ત્યાં ભ્રમરના ગુંજારવ તો દૂર રહો, કોયલના સ્વરથી પણ શું કામ છે? (કાંઈ જરૂર નથી.)

❖ સુક્ષેત્રમાં વાવેલું બીજ નિષ્ફળ જતું નથી, અંકુર ઉત્પન્ન થઈને ફળની પ્રાપ્તિ થાય જ છે તેવી રીતે રુચિમાં વણાયેલા સંસ્કાર નિષ્ફળ જતાં નથી, સમ્યગ્દર્શન પ્રગટ થઈને મુક્તિ થાય જ છે.

❖ જેવી રીતે

કમળ સૂર્ય તરફ ઢળે છે,
સમુદ્ર ચંદ્રમા તરફ ઉછળે છે,
સોય લોહચુંબક તરફ ખેંચાય છે,
પ્રજા રાજા તરફ જોવે છે,

તેવી રીતે

જ્ઞાની જ્ઞાયક તરફ ઢળે છે.

❖ જિનને જાણી નિજની ભક્તિ કરે તો મુક્તિ મળે.

❖ હું રાગનો કર્તા-ભોક્તા નથી એવો વિકલ્પ પણ પ્રભુ! તને શોભતો નથી. એ વિકલ્પ તારો શણગાર નહીં, તારી દશા નહીં.

❖ કોઈ વિપરીત શ્રદ્ધાથી દુઃખી થાય તે શું રાજીપો કરવા જેવી વાત છે? તેનો તિરસ્કાર ન હોય, તેના પ્રત્યે કરુણા હોય. જેમ પોતાને દુઃખ ગોઠતું નથી તેમ બીજો દુઃખી થાય તે શું ખુશી થવા જેવું છે?

❖ હું સ્થૂળ છું એવા વિકલ્પનો તો ચિત્સ્વરૂપમાં અવકાશ નથી, પરંતુ હું સૂક્ષ્મ છું એવા વિકલ્પનો પણ અંદરમાં અવકાશ નથી.

❖ અજ્ઞાની જે જણાય છે તેના અસ્તિત્વને માને છે, પણ જાણનારના અસ્તિત્વને માનતો નથી.

❖ ભાઈ! તું રાગને જાણવા જા છો તેના કરતાં જાણનારને જાણને?

❖ તે બધાને જાણ્યા, પણ બધાથી ભિન્ન જાણનારને જાણ્યો નહીં.

❖ જીવ બંધાયેલો છે એવા પક્ષનો તો આચાર્યદેવ નિષેધ કરતા આવ્યા જ છે, પરંતુ જીવ બંધાયેલો નથી એવા પક્ષનો—વિકલ્પનો—પણ નિષેધ કરાવે છે.

❖ પોતાને જાણ્યા વિના પરને જાણીને જે સંતોષ પામે છે તે અજ્ઞાની છે.

❖ તારું લક્ષ કર્યા વિના લક્ષપતિ (લખપતિ) થઈ નહીં શકાય.

❖ ભ્રમણા—રાગમાં ભરમાઈને, ભિખારી થઈને, ભગવાન ભટકે—રખડે છે.

❖ તું અનાદિથી દુઃખને ખાટલે પડ્યો છો છતાં થાક્યો નથી? હવે એકવાર તો જાગ!

❖ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના પરિણામ છે, પણ રાગાદિ આત્માના પરિણામ નથી.

❖ તેણે શ્રદ્ધા ને જ્ઞાનની પાટી એવી ચોખ્ખી કરવી જોઈએ કે જેથી તેમાં એકલો આત્મા જ તરવરે.

❖ તું તને જાણ અને માન.–આ પાકું કરવું જોઈએ.

❖ સત્‌ના શરણે આખી દુનિયા કુરબાન છે. લોકોના માન—સન્માન—આબરું–કુરબાન છે. દુનિયા અતડો કહે, દુષ્ટ કહે, તોપણ પાલવશે (-ચાલશે), પણ સત્‌નું શરણું છોડવું પાલવશે નહીં.

❖ વિકલ્પની આંખ બંધ કરીને ધ્યાન કરતાં નિર્વિકલ્પ આંખ ઉઘડે છે.

❖ સર્વજ્ઞે જાણ્યું છે માટે ક્રમબદ્ધ છે એમ નહીં, પણ પર્યાયનો જ એવો સ્વભાવ છે કે ક્રમબદ્ધ થાય અને ગુણ પણ એવો છે. તો ક્રમબદ્ધનો નિર્ણય તેના ગુણનો નિર્ણય કરતાં થાય છે. પણ ગુણનો નિર્ણય ગુણભેદના આશ્રયે ન થાય, પરંતુ દ્રવ્યના આશ્રયે થાય. માટે દ્રવ્યનો આશ્રય કરતાં ગુણનો નિર્ણય થાય છે ને ગુણનો નિર્ણય થતાં તેનો સ્વભાવ ક્રમે થવું ને અક્રમે રહેવું તેનો નિર્ણય થાય છે. માટે તેમાં પુરુષાર્થ આવે છે.

❖ ભગવાન દિવ્ય છે, તેમનું સુખ દિવ્ય છે, તેમનું જ્ઞાન દિવ્ય છે, તેમની શક્તિ દિવ્ય છે, તેમની સિદ્ધિ દિવ્ય છે; તો પછી તેમની ધ્વનિ દિવ્ય કેમ ન હોય?

❖ જેમ ચળકાટ મારતો સ્વચ્છ અરીસો હાથમાં હોવા છતાં મૂર્ખ પોતાનું પ્રતિબિંબ જોવા બીજે જાય છે, તેમ અજ્ઞાની દેહદેવળમાં આત્મદેવ બિરાજમાન હોવા છતાં બહાર ગોતવા જાય છે.

❖ પોતાના સ્વભાવમાં વિદ્યમાન ભંડારને જોતો નથી ને બહાર ભીખ માગે છે તે મૂર્ખ નથી તો કોણ છે?

❖ ઇન્દ્રિયોને વશ કરનાર ઇન્દ્ર થશે—અતીન્દ્રિય થશે ને ઇન્દ્રિયોને વશ થનાર એકેન્દ્રિય થશે.

❖ જ્ઞાન શૂન્ય બની વિષય ભોગવનાર ભોગી છે, ભવરોગી છે. જ્યારે વિવેક સહિત વિષય ભોગવનાર યોગી છે, જ્ઞાની છે.

❖ બાહ્ય જ્ઞાન અનંતવાર પ્રાપ્ત કર્યું ને ખોયું, પરંતુ અંતરંગ જ્ઞાન એકવાર પણ પ્રાપ્ત કર્યું નથી.

❖ આત્મજ્ઞાનની સંપત્તિવાળો મદોન્મત, ઘમંડી, અભિમાની હોતો નથી. તે તો મેરુની જેમ અકંપિત ધૈર્યવાન હોય છે.

❖ સ્વાનુભવ પ્રમાણથી કહેલી વાત જ સત્ય હોય.

❖ અસંખ્ય પ્રદેશ એ મંદિર છે, નિર્મળ પરિણતિ એ સિંહાસન છે અને શુદ્ધાત્મા એ જિનેન્દ્રદેવ છે. વિકલ્પ છોડીને અંદર જુએ તો એ જિનદેવના દર્શન થાય.

❖ અતીન્દ્રિય સુખ સ્વાનુભવગમ્ય છે અને તે સ્વાનુભવગમ્ય સુખનો અનુભવ આત્મયોગી જ કરે છે.

❖ આત્માનુભવી જ આત્મજ્ઞાનની યથાર્થ વાત કરી શકે. બીજાને આ કળા આવડતી નથી.

❖ એક એક શબ્દના સેંકડો અર્થ કરનારા વિદ્વાનો તૈયાર થયા. તર્ક-શાસ્ત્રમાં નિષ્ણાત થઈને વાદવિવાદ કરનારા વિદ્વાનો તૈયાર થયા. પણ શબ્દ ને તર્ક રહિત આત્માનો અનુભવ કરનારા કેટલા તૈયાર થયા?

❖ જે આસન્નભવ્ય છે તેને જ અધ્યાત્મ વિચાર સ્ફૂરે છે. બધાને નહીં.

❖ જેવી રીતે પ્રત્યક્ષ જોનાર જ સ્પષ્ટ વર્ણવી શકે તેમ આત્માને પ્રત્યક્ષ જોનાર જ્ઞાની જ આત્માને સ્પષ્ટપણે વર્ણવી શકે.

❖ જેવી રીતે ચકોર પક્ષી ચંદ્રમાની પ્રતિક્ષા કરે છે તેવી રીતે મુનિરાજ આહાર માટે મારે આંગણે ક્યારે પધારે એવી ભાવના જ્ઞાની ભાવતા હોય છે.

❖ ભાઈ! તું કષાયવિલાસી છો, પણ હવે તત્ત્વવિલાસી થજે.

❖ જગતમાં શત્રુને જીતનારા ઘણા છે, પણ જન્મ–મરણને જીતનારા કેટલા છે?

❖ જેમ માણસ પતંગ ઉડાવે છે ત્યારે દોરી હાથમાં રાખે છે. જો દોર હાથમાં ન રાખે તો પતંગ ક્યાંય ઉડી જાય. તેવી રીતે ચંચલ પરિણતિ જ્યાં ત્યાં ન વિચરે તે માટે જ્ઞાનીએ દૃષ્ટિને આત્મામાં લગાવી છે. દૃષ્ટિનો દોર હાથમાં રાખે છે.

❖ મંદિરમાં બિરાજમાન દેવને ન જોતાં માત્ર મંદિરની રચનાને દેખનાર જેમ મૂર્ખ છે તેમ શરીરની અંદર બિરાજમાન આત્માને ન જોતાં માત્ર શરીરને જ જોનાર—શરીરને જ આત્મા માનનાર—મૂર્ખ છે.

❖ આસક્તિપૂર્વક, ઉલ્લાસથી–ઉત્સાહથી વિકથા કહેનારા, સાંભળનારા, વાંચનારા ઘણા છે, પરંતુ પ્રેમપૂર્વક આત્મહિતકારી તત્ત્વની વાત સાંભળનારા, વાંચનારા ને કહેનારા બહુ અલ્પ છે.

❖ જ્ઞાનીના હૃદયમાં પરપદાર્થ પ્રત્યે આસક્તિ—પ્રેમ નથી, છતાં આશ્ચર્ય છે કે લોકો તેને ભોગી સમજે છે.

❖ જ્ઞાની બાહ્યથી કદાચિત્ આત્મધ્યાન કરતાં ન હોય, છતાં પણ અંતરંગમાં નિરંતર આત્મશ્રદ્ધાન વર્તતું હોવાથી યોગી છે.

❖ તારો ઉપયોગ પરમાં કેમ જાય છે? શું ત્યાં તને સુખ ભાસે છે?

❖ ભાઈ! તારા દુઃખના દહાડા ગયા. હવે તો અરિહંત જેવું મારું સ્વરૂપ છે એમ જાણવાના ટાણાં આવ્યા છે. ભવિષ્યના દુઃખના ટાણાં ટાળવાના આ ટાણાં છે હો. આવી વાત કાને પડે છે તો આનાથી અધિક દુઃખને ટાળવાના ટાણાં બીજા ક્યા હોય?

❖ દૃષ્ટિ દોલતને જોવે છે.

❖ અરે! અંદર આત્મામાં આનંદ ભર્યો હોવા છતાં તને બહારમાં સુખના સબડકાં કેમ આવે છે?

❖ બે દ્રવ્ય વચ્ચે તો અત્યંત અભાવનો ગઢ છે. તે ગઢને કોઈ તોડી શકે નહીં.

❖ જીવ કે પુદ્‌ગલ ગતિ કરે કે સ્થિર થાય તો ધર્મદ્રવ્ય કે અધર્મદ્રવ્ય નિમિત્ત થાય. પણ ધર્મદ્રવ્ય કે અધર્મદ્રવ્ય નિમિત્ત થાય તો જીવ કે પુદ્‌ગલ ગતિ કરે કે સ્થિર થાય એમ નથી. આ શું સૂચવે છે? કે ઉપાદાન સ્વતંત્ર છે, નિમિત્તાધીન નથી.

❖ સુખનું કારણ સ્વભાવ પ્રતિઘાતનો અભાવ. સુખનું લક્ષણ અનાકુળતા.

❖ આત્માની શ્રદ્ધા ક્યારેય કરતો નથી તે અભવ્ય છે,
આત્માની શ્રદ્ધા હમણાં કરે છે તે આસન્નભવ્ય છે અને
આત્માની શ્રદ્ધા પછી કરશે તે દૂર ભવ્ય છે.

❖ જેને અનુકૂળતા મળી છે તે ભોગવવાની આકુળતાથી દુઃખી છે અને જેને અનુકૂળતા મળી નથી તે મેળવવાની આકુળતાથી દુઃખી છે.—છે તો બંને દુઃખી.

❖ પુણ્યભાવ વખતે આત્માનો અનાદર કર્યો એટલે કે તેને હેય માન્યો અને પુણ્યને આદરણીય કર્યું એટલે કે તેને ઉપાદેય માન્યું, તો એ કાંઈ નાનો ગુનો નથી. તેનું ફળ આવશે ત્યારે તૃષ્ણા વધી જશે.

❖ ભાઈ! ખારી જમીનમાં કે દરિયામાં પાણી દેખાય તો પણ તે પીવાય નહીં, તેમ પુણ્યમાં સુખ-શાંતિ જેવું દેખાય તો પણ તે અનુભવવાયોગ્ય નથી.

❖ દ્રવ્ય તરફનો રાગ પણ દ્રવ્ય તરફ જવામાં વિઘ્ન કરનાર છે.

❖ 'પુણ્ય—શુભરાગનો ત્યાગ કરવો'–એ પણ ઉપચાર કથન છે. કેમ કે સ્વભાવ શુભરાગરૂપે થયો જ નથી ને? તો પછી તેનો ત્યાગ શું કરવો?

❖ આત્મા ચેતક (–જાણનાર) ને રાગ ચૈત્ય (–જણાવાયોગ્ય) હોવા છતાં બંને એક નથી થયા. નિજ નિજ નિયત લક્ષણોથી તે બંને ભિન્ન–ભિન્ન છે. બંને વચ્ચે સાંધ છે ત્યાં પ્રજ્ઞાછીણી સાવધાન થઈને પટકવાથી તેઓ જુદાં પડી જાય છે.

❖ સ્વભાવરૂપ પરિણામ સહજ થાય છે, તેને વિકલ્પની જરૂર નથી. વિભાવરૂપ પરિણામ સહજ થતા નથી.

❖ પહેલાં રાગ ન છૂટે, રાગનું મમત્વ છૂટે.

❖ જેને આત્માની તીવ્ર રુચિ થઈ હોય તે અનુભવ સિવાય ક્યાંય સંતોષાય નહીં.

❖ જેમ રોગી ડોક્ટર પાસેથી દરરોજ રોગ દૂર કરવાનો ઉપાય ઉલ્લાસથી સાંભળે પણ દવા ન લે તો રોગ દૂર ન થાય, તેમ અજ્ઞાની જ્ઞાની પાસેથી દરરોજ મોહનો નાશ કરવાનો ઉપાય ઉલ્લાસથી સાંભળે પણ અંતરનો પ્રયોગ—પુરુષાર્થ ન કરે તો કાંઈ વળે તેવું નથી.

❖ આત્મા રાગથી રહિત છે તેમ કહેવાનો હેતુ રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરાવવાનો છે, સ્વચ્છંદી બનાવવાનો નહીં.

❖ જ્ઞાનપદમાં રાગાદિ જણાતાં, અજ્ઞાની જ્ઞાનપદને ગ્રહતો નથી પણ રાગાદિને ગ્રહે છે—તેને આત્માપણે માને છે,—જે મિથ્યાત્વ છે.

❖ દુઃખ ટાળવાની વાત સાંભળવા મળી, વાત સંભળાવનારા પણ મળ્યા, તોપણ ચહેરા પર પ્રસન્નતા નથી? લાયક પ્રાણી હોય તો આવી વાત સાંભળતા વીર્ય ઉલ્લસી જાય કે અહો! ભગવાન આત્માની આવી વાત મેં કદી સાંભળી નથી.

❖ અનુભવ પહેલાં શુદ્ધાત્માની વાત સાંભળતા પ્રસન્નતા થાય છે.

❖ જેને શુદ્ધપર્યાયનું પણ કરવાપણું દષ્ટિમાં ભાસે છે તેને શુદ્ધસ્વભાવ દષ્ટિમાં આવ્યો જ નથી.

❖ 'અનુભવ કરું' એવા વિકલ્પની કર્તાબુદ્ધિથી અનુભવ થતો નથી, 'નિર્વિકલ્પ થાઉં' એવા વિકલ્પથી નિર્વિકલ્પ થવાતું નથી, પણ 'હું તો નિર્વિકલ્પ સ્વરૂપ જ છું.' એવી એકાગ્રતામાં—ભાવનામાં—નિર્વિકલ્પ દશા સહજ પ્રગટ થઈ જાય છે.

❖ અમને શુદ્ધનયનો પક્ષ આવી ગયો છે એમ અભિમાન કરીશ નહીં. શું પક્ષનું અભિમાન કરાય?

❖ ભેદ, અભેદને સમજાવવા માટે છે, ભેદમાં અટકવા માટે નહીં.

❖ તેણે અનાદિથી તીવ્ર કે મંદ કષાયના દર્શન કર્યા છે, પરંતુ અકષાયી સ્વભાવના દર્શન કર્યાં નથી.

❖ જ્ઞાયકનો વિકલ્પાત્મક જ્ઞાનમાં પણ નિર્ણય નથી તો અનુભવ થતો નથી અને તેમાં જ જો અટકી પડે તો પણ અનુભવ થતો નથી.

❖ 'સત્' ન મળ્યું તો 'સત્'ના સંસ્કાર તો લઈને જા.

❖ એકરૂપ આત્મસ્વભાવનું જ્ઞાન થતાં નવેય તત્ત્વોનું જ્ઞાન સહજ થઈ જાય છે અને તેને 'નવતત્ત્વનું જ્ઞાન-શ્રદ્ધાન તે સમકિત' એમ કહ્યું છે.

❖ જે ઘરમાં શુદ્ધાત્માની વાત થાય છે તે ઘર નથી પણ મંદિર છે અને જો શુદ્ધાત્માની વાત થતી નથી તો તે ઘર નથી પણ સ્મશાન છે.

❖ જ્ઞાની નિઃકાંક્ષ છે—કાંક્ષા ન કરે—એ રાગનો અભાવ સૂચવે છે, જ્ઞાની ગ્લાનિ ન કરે—એ અણગમો-દ્વેષનો અભાવ સૂચવે છે ને જ્ઞાની મૂઢ ન હોય—એ મોહનો અભાવ સૂચવે છે.

❖ આ વચન અગોચર નિર્વિકલ્પ તત્ત્વ કહેવા જતાં કહેવાતું નથી, પૂછવાથી પ્રાપ્ત થતું નથી અને વિકલ્પથી મળતું નથી.

❖ નિશ્ચયાભાસીને નિશ્ચયની પણ ખબર નથી અને વ્યવહારાભાસીને વ્યવહારની પણ ખબર નથી.

❖ ભગવાન! તને ભગવાન બનાવવો છે. તે માટે આ વાત કહેવાય છે. છતાં તને આ વાત ખોટી કેમ લાગે છે? તને ખેદ કેમ થાય છે?

❖ રાગનો અકર્તા ને પોતાના પર્યાયનો પણ અકર્તા.—આવો પુરુષાર્થ ક્રમબદ્ધમાં આવે છે.

❖ સમ્યગ્દર્શનનો જન્મ શુદ્ધોપયોગના કાળે થાય છે, અને શુદ્ધ પરિણતિ વખતે ટકે છે.

❖ નિર્મળ પર્યાય આધાર છે અને દ્રવ્ય આધેય છે, કેમ કે નિર્મળ પર્યાયથી દ્રવ્ય જણાય છે. (સમયસાર ગાથા ૧૮૧-૧૮૩)

❖ ભગવાન આત્માને ભૂલવો તે ભાવમરણ છે.

❖ પુણ્ય કે પાપના ઉદયથી જ્ઞાનીનું માપ ન નીકળે. રોગાદિ પ્રતિકૂળતા વખતે પાપના ઉદયથી તેને પાપી ન કહેવાય. તેવી રીતે નિરોગતાદિ અનુકૂળતા વખતે પુણ્યના ઉદયથી તેને પુણ્યવાળો ન કહેવાય. તે તો બંને વખતે—પાપના કે પુણ્યના ઉદય વખતે—જ્ઞાતા હોવાથી જ્ઞાની-ધર્મી જ છે. જ્ઞાનીને કોઈપણ પ્રકારના ઉદયકાળે ભેદજ્ઞાન વર્તે છે.

❖ 'પર્યાય ક્રમબદ્ધ-ક્રમસર નથી' એમ કોઈ કહે, તો ભાઈ! ક્રમબદ્ધ-ક્રમસર નથી એવો તારો અભિપ્રાય પણ ક્રમબદ્ધ-ક્રમસર છે હો.

❖ અહા! જેને (-પોતાના કાર્યને) તે કરી શકે છે, જે કરી શકાય છે, તે અજ્ઞાનીને કરવું નથી. અને જેને (-પરના કાર્યને) તે કરી શકતો નથી, જે કરી શકાતું નથી તે કરવું છે.

❖ સમ્યગ્દર્શન જેવું આત્માનું સન્માન—આત્માનો આદર-સત્કાર—બહુમાન—નથી ને મિથ્યાત્વ જેવું આત્માનું અપમાન—આત્માનો અનાદર—નથી.

❖ જેને પ્રભુનો—પરમાત્માનો—પ્રેમ હોય તેને પામરતાનો પ્રેમ ન હોય અને જેને પામરતાનો પ્રેમ હોય તેને પ્રભુનો—પરમાત્માનો—પ્રેમ ન હોય.

❖ ઉપયોગમાં રાગાદિનું એકત્વ તે મિથ્યાત્વ અને ઉપયોગમાં રાગાદિનું વિભક્ત તે સમક્તિ.

❖ જેના ગુણોનો છેડો નથી, જેના ગુણોમાં 'આ છેલ્લો ગુણ' એવું નથી તે આત્મા છે. જેના ગુણોનો છેવાડો નથી તે આત્મા છે.

❖ વિશ્વાસ રાખ કે રુચિમાં ભગવાનને પકડ્યો, તો પર્યાયમાં ભગવાન પ્રગટ્યા વિના રહેશે નહીં.

❖ ભગવાન! તું ક્યાં અપૂર્ણ છો કે બીજા પાસેથી સાંભળીને પૂરો થા તેમ જ બીજાને સંભળાવીને પૂરો થા.

❖ સહજ સ્વરૂપને સ્વીકારે તો માર્ગ સરળ છે.

❖ અરે! આ જીવ જ્યાં સુખ છે ત્યાંથી લેતો નથી અને જ્યાં નથી ત્યાંથી માગ્યા કરે છે.

❖ ભૂમિકા અનુસાર વ્યવહાર હોય છે, માટે તેને બતાવ્યો છે, જણાવ્યો છે. બસ, આટલી હદ રાખ. આનાથી આગળ ન જા અર્થાત્ તે લાભદાયક છે કે કરવાલાયક છે એમ ન માન.

❖ પ્રશસ્ત કે અપ્રશસ્ત—સમસ્ત વિભાવભાવ પરાસ્ત કરવા જેવા છે.

❖ સર્વત્રના સર્વ શુભાશુભભાવ સર્વદા ને સર્વથા છોડવા જેવા છે.

❖ જ્ઞાનની એવી વિશાળતા હોવી જોઈએ કે આગમની બધી અપેક્ષાઓ સમજાય અને હૃદયની એવી વિશાળતા હોવી જોઈએ કે બધા સાધર્મી પ્રત્યે પ્રેમ થાય.

❖ અરે! તે કરે છે તો રાગ-દ્વેષની હોળી, છતાં માને છે આનંદની દિવાળી!!!

❖ બેપણામાં એકપણું માનવું (જુદાં છે તેને એક માનવા) અને એકપણામાં બેપણું કરવું (અભેદમાં ભેદ કરવો) તે વિપરીતતા છે.

❖ જગતના બધા પદાર્થોને તું ઉપાદાનપણે જો, નિમિત્તપણે નહીં અને તો નૈમિત્તિક અવસ્થા—રાગ—ઉત્પન્ન નહીં થાય.

❖ પરિણામને નિમિત્ત સાપેક્ષ જોતાં તેનું નામ નૈમિત્તિક છે, પરંતુ સ્વશક્તિથી જોતાં તે જ પરિણામનું નામ ઉપાદેય છે, જે નિમિત્ત નિરપેક્ષ છે.

❖ ચારિત્ર એટલે સ્થિરતા. તે સ્થિરતા શ્રદ્ધા-પ્રતિતપૂર્વક જ હોય છે. કેમ કે નિઃશંકપણે શ્રદ્ધા-પ્રતિત થયા વગર સ્થિરતા થાય કેવી રીતે?

❖ દૃષ્ટિ અને જ્ઞાનના ઉપાદેયભૂત વિષયમાં તફાવત નથી. પણ દૃષ્ટિ નિર્વિકલ્પ હોવાથી એક ધર્મને જ સ્વીકારે છે, જ્યારે જ્ઞાન સવિકલ્પ હોવાથી બધા ધર્મોને સ્વીકારે છે.

❖ આત્મસ્વભાવ રાગનો અકર્તા હોવાથી પરનો નિમિત્તકર્તા પણ નથી.

❖ વિશેષભાવમાં (–પર્યાયમાં) નવ તત્ત્વો દેખાય છે, સામાન્ય એકરૂપ ભાવમાં નહીં. માટે તે તત્ત્વોની દૃષ્ટિ છોડવા જેવી છે.

❖ કાંઈક કરવાનો બોજો જ આકુળતાને જન્મ આપે છે.

❖ 'હું શુદ્ધ છું, બુદ્ધ છું' એવું વિચારવું શું? અનુભવ કરવો. વિચાર છે ત્યાં સુધી અનુભવ નથી ને અનુભવ થતાં વિચાર રહેતો નથી.

❖ હું એકસ્વરૂપ છું. મારામાં સ્વભાવ સિવાય બીજું કાંઈ છે જ નહીં. તો પછી હું કોનો ત્યાગ કરું? (સ્વભાવનો ત્યાગ તો થઈ શકે નહીં.)

❖ મને મિથ્યાત્વથી નુકશાન નથી ને સમક્તિથી લાભ નથી.—આવું અપરિણામી તત્ત્વ હું છું, પરમ પારિણામિકભાવ છું.

❖ હું જ્ઞાયક છું ને રાગ પરજ્ઞેય છે.–આમ બંનેના સ્વભાવ જ ભિન્ન છે ત્યાં એકતા કેમ હોય?

❖ હે આત્મા! જેમ તું નિરંતર પરદ્રવ્યોનું સ્મરણ કરે છે તેમ જો તું શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ કરે તો શું મોક્ષપ્રાપ્તિ નહીં થાય?

❖ ભગવાન અનંતને નથી જાણતા એમ નથી. અનંતને અનંતપણે જાણે છે. જો તેઓ અનંતને અનંતપણે ન જાણે તો જ્ઞાન ખોટું ઠરે ને જો અનંતને ન જાણે તો જ્ઞાન અપૂર્ણ ઠરે, તેથી સર્વજ્ઞ ન કહેવાય.

❖ પદાર્થોની અનંતતા કરતાં જ્ઞાન સામર્થ્યની અનંતતા ઘણી મોટી છે. માટે જ્ઞાન તે અનંતતાને પહોંચી વળે છે.

❖ નિર્ણય પછી જો અનુભવ ન આવે તો તે નિર્ણય જ નથી. સ્વરૂપનો એવો નિર્ણય કર કે હવે પછી વિચારવાનું રહે નહીં.

❖ ભાઈ! તારા પરમાત્માના વૈભવશાળી ઘરમાં દાખલ થવા દરવાજા ખુલ્લાં છે.

❖ નિજ વસ્તુમાં અભેદ થતાં તેનો અનુભવ થાય છે, ભેદરૂપ (જુદાં) રહીને તેનો અનુભવ થતો નથી.

❖ જ્ઞાનીના અંતરજીવનને સમજવા અંતરની પાત્રતા જોઈએ.

❖ પ્રથમ વ્યક્ત જ્ઞાનને (લક્ષણને) સ્વીકારીને પછી શક્તિરૂપ જ્ઞાનને (લક્ષ્યને) પકડે તો અનુભવ થાય.

❖ કર્તાપણાનું અભિમાન છૂટતાં સ્વભાવનું જોર વધે છે ને ઘોલન પણ ઉગ્ર બને છે.

❖ તું રાગની રુચિમાં ડૂબી ગયો છો તે તારું મરણ છે.

❖ જ્ઞાનીએ કહેલાં ભાવ જો ખ્યાલમાં આવે તો તેમના પ્રત્યે હૃદય નમી જ પડે.

❖ અનુભવ વખતે અતીન્દ્રિય આનંદ વેદાય છે, રાગ નહીં. માટે રાગ આત્મામાં નથી.

❖ જે નાશવાન ચીજ (સંયોગ) છે અને જે દુઃખમય (વિભાવ) છે તેનો તને પ્રેમ કેમ લાગ્યો છે? ભાઈ! તું વ્યભિચારે ચડી ગયો છો હો.

❖ તું નાશવાનને (–પરદ્રવ્ય ને પરભાવને) ટકાવવા માગે છે તે જ મોટી ભ્રમણા છે.

❖ અજ્ઞાનીને અનુકૂળતા કે પ્રતિકૂળતામાં જ્ઞાનની સુધ (-સમજ) રહેતી નથી, બેસુધ થઈ જાય છે.

❖ અનંતને ગળી જાય (-જાણી લે) એવા મોટા આત્માને તે નાનો માન્યો એ તારી કેટલી વિપરીતતા!!! કેટલી ઊંધાઈ!!!

❖ સત્ય વાત કહેવામાં દિગંબર સંતોની 'મોનોપોલી' છે.

❖ જાણનાર પોતે આત્મા ઇન્દ્રિયો વડે જાણે એમ બનતું નથી. અરે! આત્મા જ એવો નથી. જાણવાનો સ્વભાવ પોતાનો આત્માનો છે અને સ્વભાવ તો સ્વતઃ, સ્વાધીન, અહેતુક, નિરપેક્ષ હોય છે. માટે જાણનાર સ્વભાવી આત્મા પર ઇન્દ્રિય વડે જાણે એમ કેમ બને?

❖ જો પર તરફનું વલણ રાખ્યું, પરને જ્ઞાનનું કારણ માન્યું તો સ્વમાં જવાનો અવકાશ—અવસર—તક—નહીં મળે.

❖ દિગંબર સંતોએ સ્વાનુભવ પ્રમાણથી જે વાત કરી છે તે સત્ય જ છે.

❖ 'નિમિત્ત છે' એમ જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે, પણ નિમિત્તથી કાર્ય થાય છે એમ જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન નથી, મિથ્યાજ્ઞાન છે. વળી નિમિત્તનું જ્ઞાન પણ ક્યારે થાય? કે સ્વ ઉપાદાનનું જ્ઞાન થાય ત્યારે.

❖ પરલક્ષી જ્ઞાનનો નિષેધ છે, પરપ્રકાશક જ્ઞાનનો નહીં. સ્વને ચૂકીને જે એકાંતે પરને જાણવામાં રોકાય છે—જે પરસન્મુખ છે—તે જ્ઞાનનો નિષેધ છે, સ્વના જ્ઞાનપૂર્વક પરપ્રકાશક જ્ઞાનનો નહીં.

❖ આત્મા સ્વસંવેદનથી જ જણાય એવો છે. આવો નિર્ણય કરીશ તો તારું વલણ સ્વ તરફ થશે. કોઈક બીજાને કારણે આત્મા જણાશે એમ માનીશ તો તારું વલણ ત્યાંથી—પરથી—હઠશે નહીં, ફરશે નહીં.

❖ રાગને મંદ પાડે તે ધ્યાન નથી, પરંતુ રાગને જુદો કરે—રાગથી ભેદ પાડે—તે ધ્યાન છે, ધર્મધ્યાન છે.

❖ ઉપયોગ આત્માનું લક્ષણ છે. માટે તે લક્ષ્ય એવા આત્માના આલંબને પ્રગટે છે, જ્ઞેયના આલંબને નહીં. પોતાનું લક્ષણ પરના આલંબને પ્રગટે એમ કેમ બને? અને જો પરના આલંબને પ્રગટે તો તેને લક્ષણ કેમ કહેવાય? જેને પરનું આલંબન હોય તેને લક્ષણ જ ન કહેવાય.

❖ અહા! દ્રવ્યને તો પરનું આલંબન નથી, પરંતુ તેની જ્ઞાન પરિણતિને પણ પરનું—જ્ઞેયનું—આલંબન નથી.

❖ જેમ દ્રવ્ય—લક્ષ્ય—નિરાલંબી છે તેમ ઉપયોગ—લક્ષણ—પણ નિરાલંબી છે.

❖ જેને જાણતાં કાંઈપણ લાભ નથી એવા પરને બહુ જાણ્યા, પરંતુ જે જાણવા જેવો છે—જેને જાણતાં લાભ-આનંદ થાય છે—તેને એક સમય પણ જાણ્યો નથી.

❖ જગતમાં પગલે-પગલે સાવધાન રહેવું, અહીંયા ધર્મમાં પર્યાયે-પર્યાયે ભેદજ્ઞાન કરવું.

❖ જેની આત્મામાં સત્તા હોય તેનાથી આત્માનું કલ્યાણ થાય, પણ જેની આત્મામાં સત્તા જ ન હોય તેનાથી આત્માનું કલ્યાણ કેવી રીતે થાય?

❖ જેમાં ગુણભેદ પણ નથી એવું સ્વજ્ઞેય જ્ઞાનમાં આવવું જોઈએ.

❖ અહો! અનંત મહિમાવંત જ્ઞાયકને સ્વીકારવામાં કેટલી ધીરજ ને શાંતિ-એકાગ્રતા જોઈએ!

❖ સર્વજ્ઞ પરમાત્માના આ કહેણ આવ્યા છે કે તું ગુણી છો તે ગુણને સ્પર્શતો નથી.–આવા કહેણને સ્વીકારજે, ના પાડીશ નહીં. મોટાના કહેણની ના ન પડાય.

❖ સમયસારમાં નવ તત્ત્વની વાત છે ને? ના, એક તત્ત્વની વાત છે. એકને સમજાવવા નવ કહ્યા છે, નવને સમજાવવા નવ કહ્યા નથી. એકને સમજાવવા નવનો ભેદ પાડીને સમજાવ્યું છે.

❖ જાણે પર્યાય, છતાં તે એમ જાણે છે કે હું દ્રવ્યમાં નથી. જેમાં પર્યાય નથી તે દ્રવ્ય હું છું. શું ચૈતન્યની લીલા!!!

❖ દ્રવ્ય દ્રવ્યમાં છે, દ્રવ્ય પર્યાયમાં નથી.–આ અનેકાંત છે.

❖ જે સંસારને કાંઠે આવ્યો હોય તેના માટે આ વાત છે.

❖ શાસ્ત્રવાંચન, ચર્ચા વગેરે જે પરલક્ષી જ્ઞાન છે તે આત્માનો ઉપયોગ નથી, આત્માનું લક્ષણ નથી. સ્વરૂપને ધ્યેય બનાવીને જે જ્ઞાન આવે તે આત્માનો ઉપયોગ છે, આત્માનું લક્ષણ છે.

❖ લક્ષ્યને અવલંબીને—આશ્રયે—જે ઉપયોગ પ્રગટે તે આત્માનું લક્ષણ છે, આત્માનો ઉપયોગ છે. પણ જ્ઞેયના અવલંબે—લક્ષે—થતું પરલક્ષી જ્ઞાન આત્માનો ઉપયોગ નથી, આત્માનું લક્ષણ નથી.

❖ આત્માના ઉપયોગનો કોઈ નાશ કરી શકતું નથી, કેમ કે લક્ષ્ય એવા આત્માનો નાશ થાય તો તેનું લક્ષણ એવા ઉપયોગનો નાશ થાય.

❖ ગુણરત્નની ખાણ આત્મામાં ગુણભેદ પણ નથી.

❖ 'હું તો આનંદના વેદનમાત્ર છું. હું દ્રવ્ય પણ નહીં ને ગુણ પણ નહીં.' —આમ પર્યાય જાણે છે. (અલિંગગ્રહણ બોલ-૨૦)

❖ 'દ્રવ્યમાં ગુણ છે'–એવા ભેદને લક્ષે પણ આસ્રવ થશે, સંવર નહીં.

❖ પરિણતિ દ્રવ્ય તરફ ઢળી—સન્મુખ થઈ, પણ અભેદ થતી નથી—દ્રવ્યને અડતી નથી અને દ્રવ્ય પણ પરિણતિમાં આવતું નથી.

❖ પોતાના સ્વભાવની નિઃશંકતાથી કેવળજ્ઞાન થવાના કોલકરાર વર્તમાનમાં થઈ શકે છે.

❖ જે શ્રુત (–શાસ્ત્ર) વડે આત્મજ્ઞાન પામીને એકાવતારી થઈ શકાય એવું શ્રુત આજે પણ જયવંત વર્તે છે.

❖ જૈનધર્મ પામીને પણ જો કોઈ જીવ કષાય કરે છે તો સમજવું કે તે પાણીમાં આગ લાગવા જેવી દુઃખદ આશ્ચર્યની વાત છે.

❖ વીતરાગી ભગવાનનું એ કથન છે કે તું ભિખારી નહીં, ભગવાન છો. માટે તું તારામાં ભગવાનપણાની સ્થાપના કર, ભિખારીપણાની નહીં. ભગવાન! તું તને ભૂલ્યો છો, તેથી ભટકે છો ને હું ભગવાન છું એમ ભાસતું નથી.

❖ હું શુદ્ધ ચિદ્રૂપ છું.—બસ, આનાથી ઉત્તમ બીજું કોઈ સ્મરણ—રટણ નથી.

❖ જેને આત્મા પ્રાપ્ત થયો નથી તે અજ્ઞાની ગામ કે વનમાં નિવાસસ્થાન ગોતે છે. જ્ઞાનીને તો સદાય આત્મા જ નિવાસસ્થાન છે.

❖ ભગવાન! તું તારાથી પ્રસન્ન થા. બીજા મને પ્રસન્ન કરી દેશે એવી આશા છોડી દે. જે પૂર્ણ વીતરાગી છે તે તને પ્રસન્ન કેમ કરી શકે? અને જે સ્વયં દુઃખી છે તે સંસારી પણ તને પ્રસન્ન કેમ કરશે?

❖ હે પૂર્ણસ્વરૂપી આત્મા! જગત જગતપણે પૂર્ણ છે. તો પછી તેમાં શું કરવું? માટે કરવાપણાનો વિકલ્પ છોડી તું તારી પૂર્ણતામાં આવી જા–તેનો અનુભવ કર.

❖ મોક્ષ મેળવવા સમકિતનું સેવન કરો....
સંસાર ટાળવા મિથ્યાત્વનું વમન કરો....

❖ દરેક આત્મા સ્વતંત્ર, સમાન, સુખમય, સમજણવાન છે.

❖ હે શુભભાવો! તમે તીવ્ર કષાય મંદ કર્યો, પણ ટાળ્યો નહીં. પણ મારે તો કષાય ટાળવો છે. માટે મારે તમારી પણ જરૂર નથી. હવે તમે દૂર થાવ. નહીંતર હું તો ભેદજ્ઞાન વડે તમને દૂર કરીશ જ.

❖ હે સંયોગો! તમે મારું જરાપણ હિત-અહિત કરવા સમર્થ નથી. એ તો મેં ભ્રમણાથી તમને સારા-ખરાબ માન્યા હતા. હવે ભેદજ્ઞાનની જ્યોતિથી તમને સ્પષ્ટપણે ભિન્ન જાણી લીધા છે, તેથી મોહ રહ્યો નથી. તમે હો તો હો અને ન હો તોપણ કાંઈ નથી—ઉપેક્ષા છે.

❖ પૂર્ણ સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર અલ્પજ્ઞ પર્યાયના લક્ષે—આશ્રયે ન થાય, પૂર્ણ જ્ઞાયકના આશ્રયે જ થાય. માટે સર્વજ્ઞને સ્વીકારનારની દૃષ્ટિ જ્ઞાયક ઉપર ગયા વગર રહે જ નહીં.

❖ અકર્તાપણું સિદ્ધ કરવા માટે ક્રમબદ્ધનો સિદ્ધાંત લીધો છે. કેમ કે ક્રમબદ્ધ વગર અકર્તાપણું સિદ્ધ ન થાય અને અકર્તાપણા વગર જ્ઞાયક સિદ્ધ ન થાય.

❖ જેની પ્રરૂપણા તીર્થંકરોએ કરી છે અને જેને ગણધરો-ઇન્દ્રોએ પણ સ્વીકાર્યો છે એવા ઉજ્જવળ જૈનધર્મમાં નિમિત્તથી કાર્ય થાય, પુણ્યથી ધર્મ થાય વગેરે મલિનતા કેમ હોય?

❖ સર્વજ્ઞરૂપ દ્રવ્ય છે, સર્વજ્ઞસ્વભાવી ગુણ છે ને પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપ્યા. તો હવે તે સર્વજ્ઞપણા ઉપર જ તેનું (-સાધકનું) લક્ષ રહેશે ને તે અલ્પકાળમાં સર્વજ્ઞ થયા વિના રહેશે નહીં.

❖ સ્વભાવના નિત્યપણાનો અજ્ઞાનીને ખ્યાલ નહીં હોવાથી અનિત્ય એવા સંયોગોને નિત્ય રાખવા મથે છે. પરંતુ એવું તો બનતું નથી—સંયોગો નિત્ય રહેતા નથી. તેથી અજ્ઞાનીની આકુળતા વધી જાય છે.

❖ અજ્ઞાની જીવ વેષને નમે છે, ક્રિયાને નમે છે, ભાષાને નમે છે, બહિર્લક્ષી જ્ઞાનને નમે છે, તર્કને નમે છે; પણ અનુભૂતિને—અનુભવને નમતો નથી. તેનું બહુમાન કરતો નથી, તેની મહિમા—અધિકતા આવતી નથી.

❖ આ વાત સમ્યક્પણે—યથાર્થપણે—સમજવી જોઈએ. આ વાત કાંઈ વાદ-વિવાદ માટે નથી, પણ પોતાના હિત માટે છે. કોઈ માને કે ન માને, પણ આ જ માર્ગ છે. અત્યારે બેસે કે ન બેસે, પરંતુ આ જ અંતરમાં બેસાડે ભવભ્રમણથી છૂટકારો થશે.

❖ ત્રિકાળી ધ્રુવના અવલંબે જે દશા પ્રગટ થાય તે ધર્મ છે. તે દશા પ્રગટવામાં કોઈપણ પરપદાર્થની કે પરભાવની જરૂર નથી. પોતાનો સ્વભાવ જ એવો છે કે તેનો આશ્રય કરતાં—તેને જાણતાં—ધર્મ પ્રગટ થાય.

❖ પોતાના ઉપયોગને ભેદજ્ઞાનની કળામાં જોડે તો, પ્રથમ આત્માની ઝાંખી થાય, પછી તે અનુમાન જ્ઞાનનો રસ પણ ઘટે અને અંતરસન્મુખ જ્ઞાનનો રસ વધે. તે અંતરસન્મુખ થયેલું જ્ઞાન આગળ વધીને અનુભવ કરે છે.

❖ 'હે ભગવાન ! આપના સ્વરૂપનો વિચાર કરતાં મારા સ્વરૂપનું મને સ્મરણ થઈ આવે છે. કારણ કે આપના જેવો જ હું છું, હું તમારી જાતનો છું. મારા નિજપરમાત્માના સ્મરણમાં આપનું સ્મરણ નિમિત્ત છે. આપની સમક્ષ જોતાં સંસાર ભૂલી જવાય છે અને આપના જેવો જ હું શુદ્ધ છું એમ સ્મરણમાં આવે છે.'—આવી ભાવના ભગવાન પાસે જ્ઞાની ભાવે છે.

❖ દ્રવ્યકર્મો તો આત્માથી ભિન્ન જ છે, તેથી તેમને જુદાં પાડવાની જરૂર નથી. તેવી જ રીતે સ્વભાવદૃષ્ટિથી રાગ પણ ભિન્ન છે, તેથી તે રાગને પણ ભિન્ન પાડવાનો પુરુષાર્થ અંતર શુદ્ધદૃષ્ટિથી કરવાનો નથી. હા, એટલું જરૂર છે કે પર્યાય અપેક્ષાએ રાગ પોતાના પર્યાયમાં હોવાથી, તેના નાશનો ઉપાય વ્યવહારથી કરવાયોગ્ય છે. સ્વભાવની દૃષ્ટિમાં તો શુદ્ધપર્યાયને કરવાપણું પણ નથી.

❖ અનુમાનજ્ઞાનમાં આત્મા આવે તો પણ, તે કાળે તે અનુમાનજ્ઞાનનો નિષેધ વર્તવો જોઈએ કે તેનાથી અનુભવ થતો નથી. અનુભવ માટે તો પ્રત્યક્ષ અતીન્દ્રિયજ્ઞાન જ જોઈએ.

❖ આત્મા જ્ઞાનોપયોગને આધારે છે તેમ પ્રથમ અનુમાન આવે. પછી આત્મા ઉપયોગને આધારે આત્મા છે તેવો ભેદ પણ નાશ થઈ આત્મા આત્માને જ આધારે છે તેવું અભેદ પરિણમન થતાં અનુભવ થાય છે.

❖ આત્મા રાગને કરે છે તેવું કથન પર્યાયબુદ્ધિ પોષક છે અને આત્મા જ્ઞાનને જ કરે છે, રાગને નહીં તેવું કથન પર્યાયબુદ્ધિ નાશક છે.

❖ મહત્ (મહાન) સ્વભાવની મહત્તા આવતાં પુણ્યભાવની અને તેના ફળની મહત્તા ઉડી જાય છે.

❖ 'હું ચૈતન્ય છું' એમ સ્વભાવમાં અહમ્‌પણું આવતાં પરદ્રવ્ય ને રાગાદિમાં અહમ્‌પણું ટળે છે.

❖ ત્રિકાળી આત્મસ્વભાવ એટલો અમાપ ને અનંત છે કે પર્યાયમાં પણ પૂરો આવતો નથી.

❖ પર્યાયના આશ્રયે પર્યાયનું પણ સાચું જ્ઞાન નહીં થાય. દ્રવ્યના આશ્રયે જ દ્રવ્યનું તેમ જ પર્યાયનું જેમ છે તેમ સાચું જ્ઞાન થાય છે.

❖ ભાઈ! જો તને જ્ઞાનનીધિની પ્રાપ્તિ થઈ હોય તો તેને એકાંતમાં ભોગવજે, બહાર ઢંઢેરો પીટીશ નહીં. શું લોકો જાણે તો જ તને જ્ઞાન પ્રાપ્ત થયું છે? શું ફૂલને કોઈ સૂંઘે તો જ તેની સુવાસ છે?

❖ સ્વરૂપગ્રાહી જ્ઞાન જ પરનું યથાર્થ જ્ઞાન કરે છે.

❖ કોઈપણ કાર્ય તેના કાળે જ થાય છે. બધું ક્રમબદ્ધ જ છે. પોતાના જન્મક્ષણે જ પર્યાય પ્રગટ થાય છે. છતાં સ્વભાવ, પુરુષાર્થ વગેરેથી કાર્ય થયું એમ કહેવું હોય ત્યારે અકાળે કાર્ય થયું એમ પણ કહેવાય છે.

❖ સિદ્ધદશામાં એટલું સુખ છે, કે એ તો પોતે અનભવે અને કેવળી જાણે. તેવી રીતે નિગોદદશામાં એટલું દુ:ખ છે, કે એ તો પોતે અનુભવે અને કેવળી જાણે.

❖ આત્મા વિકારરૂપ થાય એવી આત્માની તાકાત નથી અને વિકાર આત્મારૂપ થાય એવી વિકારની તાકાત નથી.

❖ શુદ્ધસ્વભાવના જ્ઞાન વિના અશુદ્ધતાનું યથાર્થ જ્ઞાન ન હોય. ઉપાદાનના આશ્રય વગર નિમિત્તનું સત્ય જ્ઞાન ન હોય.

❖ જેમ વસ્તુમાં પરિણમન થાય છે તેમ કેવળી જાણે છે અને જેમ કેવળીએ જાણ્યું છે તેમ વસ્તુમાં પરિણમન થાય છે.—આ રીતે જ્ઞેય અને જ્ઞાનનો મેળ છે.

❖ જે જ્ઞાને સર્વજ્ઞનો અને બધા દ્રવ્યોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે તેનો નિર્ણય કર્યો તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય ન થાય એ બને જ નહીં.

❖ જે સર્વજ્ઞતા સ્વીકારે છે તે આત્મજ્ઞ જ છે, કેમ કે સર્વજ્ઞતા કદી પણ આત્મજ્ઞતા વગર હોતી નથી.

❖ બહારથી જ્ઞાની ને અજ્ઞાની ઉપવાસી હોય, પરંતુ અંદરથી જ્ઞાની અકષાયરસ પીવે છે ને અજ્ઞાની કષાયરસ પીવે છે.

❖ જીવ અબંધસ્વભાવી હોવા છતાં પર્યાયમાં બંધાવાને યોગ્ય છે. છતાં તે દૃષ્ટિ છોડવા જેવી છે.

❖ પર્યાયને દ્રવ્યમાં વાળવી.—આ સમસ્ત આગમનો ટૂંકમાં સાર છે.

❖ જ્ઞાનીને આત્મા સિવાય ક્યાંય ગમતું નથી, જ્યારે અજ્ઞાનીને રાગાદિરૂપ અનાત્મા સિવાય ક્યાંય ગમતું નથી.

❖ અકર્તાપણું તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે, જૈનદર્શનનો સર્વોત્કૃષ્ટ સિદ્ધાંત છે.

❖ જે પોતામાં નથી તેનું જ જાણે કે જગતમાં અસ્તિત્વ છે અને જે પોતામાં છે તેનું જાણે કે જગતમાં અસ્તિત્વ જ નથી.—આમ માનીને અજ્ઞાનીએ આત્માને મરણતુલ્ય કરી નાખ્યો છે.

❖ હું અનંત સિદ્ધોને મારા પર્યાયમાં સ્થાપું છું. તેથી હું અલ્પકાળમાં સિદ્ધ થવાનો જ છું.—આવી નિઃસંદેહ શ્રદ્ધા-રુચિનું પોષણ થવું જોઈએ.

* * *

# * ધર્મ *

છે તેવા થવું તે ધર્મ.
પૂર્ણતાની પ્રતીતિ તે ધર્મ.
કેવળજ્ઞાનનો કટકો તે ધર્મ.
અમૃતસાગરનો અનુભવ તે ધર્મ.
જ્ઞાયકનું જ્ઞાન તે ધર્મ.
ધ્યેયનું ધ્યાન તે ધર્મ.
ચૈતન્યમાં ચરવું તે ધર્મ.
પરમાત્માને પામવો તે ધર્મ.
પ્રભુ આત્માને પકડવો તે ધર્મ.
આત્માનું આરાધન તે ધર્મ.
ધ્રુવને ધારવો તે ધર્મ.
સ્વભાવમાં સમાવું તે ધર્મ.
સ્વરૂપની સમજણ તે ધર્મ.
ગુણીના ગુણ ગાવા તે ધર્મ.
ભ્રમણાને ભાંગવી તે ધર્મ.
ભગવાન-સ્વરૂપની ભાવના તે ધર્મ.
જાગતો જીવ જાગે તે ધર્મ.
ભગવાન આત્માની ભક્તિ તે ધર્મ.
સત્ સ્વરૂપની સાધના તે ધર્મ.
દૃષ્ટા સ્વભાવનું દર્શન તે ધર્મ.
શ્રદ્ધેય તત્ત્વની શ્રદ્ધા તે ધર્મ.
સાધકની સાધના તે ધર્મ.
અંતરાત્માની આરાધના તે ધર્મ.
સ્વભાવની સેવા તે ધર્મ.
સ્વરૂપનું શરણ તે ધર્મ.

* * *

# * શિખામણ *

અરે! જીવ વૈભવમાં હરખાય, જ્ઞાયકનું રટણ વિસરી જાય;
આતમની અમૂલ્ય મોસમ એળે ના વહી જાય.......
અરે! જીવ વૈભવમાં.......

કાચી માટી સમી બની છે આ કાયા,
એમાં ઊંડી બાંધી મમતાની માયા,
હવાઈ મહેલના હોતા નથી પાયા,
નથી કોઈ સહારો એમાં કાંઈ,
અરે! જીવ વૈભવમાં હરખાય....૧

સુતર તાંતણ સમી આ જીવાદોરી,
રાગ-દ્વેષની તે રમતું કાં માંડી,
પરમાં રહી તે મતિ મુંઝાવી,
ચેતીને જાગી જા ક્ષણમાંહી,
અરે! જીવ વૈભવમાં હરખાય....૨

પરમ પુણ્યે સુ-અવસર આવ્યા,
સદ્ગુરુ-માતના સંદેશા પામ્યા,
વિજ ઝબકારે મોતી પરોવી લે,
જનમ તારો સાર્થક કરી લે ભાઈ,
અરે! જીવ સમજાણું છે કાંઈ?....૩

તું છે ખરો તારો રક્ષણહારો,
આતમ તારો એક આશ્રય પ્યારો,
તું જ ઉદ્ધારક તારક તારો,
હવે તું પરમાં કાં અટવાય,
અરે! જીવ વૈભવમાં હરખાય.....૪

* * *

# * અંતર-ભાવના *

દિન રાત મેરે સ્વામી, મૈં ભાવના યે ભાઉં;
દેહ અંત કે સમયમેં, તુમકો ન ભૂલ જાઉં.........

શત્રુ અગર કોઈ હો, સન્તુષ્ટ ઉનકો કર દું;
સમતાકા ભાવ ધર કર, સબસે ક્ષમા કરાઉં.....૧

ત્યાગું આહાર પાની, ઔષધ વિચાર અવસર;
ટૂટે નિયમ ન કોઈ, દૃઢતા હૃદયમેં લાઉં.....૨

જાગે નહીં કષાયેં, નહીં વેદના સતાવે;
તુમસે હી લૌ લગી હો, દુર્ધ્યાનકો ભગાઉં.....૩

આતમ સ્વરૂપ અથવા, આરાધના વિચારું;
અરહંત સિદ્ધ સાધુ, રટના યહી લગાઉં.....૪

ધર્માતમા નિકટ હોં, ચરચા ધર્મ સુનાવેં;
વો સાવધાન રખેં, ગાફિલ ન હોને પાઉં.....૫

જીનેકી હો ન વાંછા, મરનેકી હો ન ઇચ્છા;
પરિવાર મિત્ર જનસે, મૈં મોહ કો હટાઉં.....૬

ભોગે જો ભોગ પહલે, ઉનકા ન હોવે સુમરન;
મૈં રાજ્ય સંપદા યા, પદ ઇન્દ્રકા ન ચાહું.....૭

સમ્યક્ત્વકા હો પાલન, હો અન્તમેં સમાધિ,
'શિવરામ' પ્રાર્થના યહ, જીવન સફલ બનાઉં.....૮

* * *

# આત્મમંથન

જાગ રે આત્મા જાગ, જાગ રે આત્મા જાગ;
તને મારા ગુરુદેવ ઢંઢોળે, જાગ રે આત્મા જાગ.......
તને મારા ભગવતી માત ઢંઢોળે, જાગ રે આત્મા જાગ.......

તું છો બાપુ! સર્વજ્ઞસ્વભાવી, સિદ્ધસ્વરૂપ કહેવાય;
અસંખ્યપ્રદેશે અમૃત ઝરણાં, આનંદ આનંદ થાય;
તને ભગવાન આત્મા કહી બોલાવે......જાગ રે આત્મા જાગ......

બહુ કાળ વીત્યા બાપુ! સુતાં ના રહેવાય;
જાગવાના હવે આવ્યા ટાણાં, મોંઘેરા ભવ જાય;
તું છો નાથ! પરમાત્મસ્વરૂપ.......જાગ રે આત્મા જાગ.....

તું છો વ્હાલા! જ્ઞાયકસ્વરૂપી, અનંત ગુણ ભંડાર;
નિશ્ચયે જ્ઞાયકદેવ છું, કર હવે એ નિરધાર;
તું છો પ્રભુ! હાજરાહજૂર, પ્રગટ થતાં શી વાર?......
જાગ રે આત્મા જાગ......